# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15.03.2026** **MIDDAY : 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1) કેન્દ્રીય ચૂંટણી પંચ આજે સાંજે પત્રકાર પરિષદ યોજીને કેરળમ, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીનો તારીખોની જાહેરાત કરશે

2) "માય ઇન્ડિયા બજેટ ક્વેસ્ટ 2026" સ્પર્ધાના રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરના વિજેતાઓ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વાતચીત કરશે

3) યુરોપિયન યુનિયનના દેશો સાથે સંબંધઓને વધુ સુદ્રઢ બનાવવાના આશય સાથે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી બેલ્જિયમની બે દિવસની મુલાકાતે

4) ઝારખંડ પોલીસે ખૂંટી જિલ્લામાં પ્રતિબંધિત સંગઠન પીપલ્સ લિબરેશન ફ્રન્ટ ઓફ ઈન્ડિયા- PLFIના છ ઉગ્રવાદીઓની ધરપકડ કરી

5) સંયુક્ત આરબ અમીરાત પર ઈરાને તેના સ્થળો પર મિસાઈલ હુમલા માટે તેના પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો આરોપ લગાવ્યા બાદ ગલ્ફ ક્ષેત્રમાં તણાવ વધ્યો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# ECI ASSEMBLY ELECTION ANNOUNCEMENT

ચૂંટણી પંચ આજે સાંજે 4 વાગ્યે ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીઓની તારીખો જાહેર કરશે.

આસામ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. 294 સભ્યોની પશ્ચિમ બંગાળ વિધાનસભાનું સત્ર 7 મેના રોજ, 126 સભ્યોની આસામ વિધાનસભાનું સત્ર 20 મેના રોજ અને 140 સભ્યોની કેરળ વિધાનસભાનું સત્ર 23 મેના રોજ સમાપ્ત થશે. 234 સભ્યોની તમિલનાડુ વિધાનસભાનું સત્ર 10 મેના રોજ અને 30 સભ્યોની પુડુચેરી વિધાનસભાનું સત્ર 15 જૂનના રોજ સમાપ્ત થશે.

# PM - MY BHARAT BUDGET QUEST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી શરૂ થનારી "માય ઇન્ડિયા બજેટ ક્વેસ્ટ 2026" સ્પર્ધાના રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરના વિજેતાઓ સાથે વાતચીત કરશે. આ પહેલનો હેતુ યુવાનોને કેન્દ્રીય બજેટ પર ચર્ચા કરવા અને વિકસિત ભારત બનાવવા અંગે તેમના મંતવ્યો શેર કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ...

## VC – કૌશિક

"માય ઇન્ડિયા બજેટ ક્વેસ્ટ 2026" માં 12 લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો અને 47 હજાર નિબંધો રજૂ કરાયા હતા. કેન્દ્રીય બજેટ 2026 ને વ્યાપકપણે યુવા-સંચાલિત બજેટ માનવામાં આવે છે. આ સંદર્ભમાં, માય ઇન્ડિયા પ્લેટફોર્મ પર આયોજિત માય ઇન્ડિયા બજેટ ક્વેસ્ટ 2026, એક અનોખી પહેલ તરીકે ઉભરી આવ્યું છે.

# AMIT SHAH ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આસામની બે દિવસીય મુલાકાત બાદ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ પણ શનિવારે રાત્રે બે દિવસીય મુલાકાત માટે ગુવાહાટી પહોંચ્યા.

આજે, કેન્દ્રીય મંત્રી શાહ પ્રાગજ્યોતિષ મેડિકલ કોલેજનો શિલાન્યાસ કર્યો હતો. આ ઉપરાંત રાજ્યને અન્ય વિકાસ પરિયોજનાઓની ભેટ આપી હતી. ત્યારબાદ, તેઓ બપોરે ખાનાપારા જશે, જ્યાં તેઓ "યુવા શક્તિ સમારોહ" માં ભાગ લેશે અને આસામના હજારો યુવાનો અને મહિલાઓને સંબોધિત કરશે અને પ્રેરણા આપશે. રાજ્યની વિધાનસભા ચૂંટણીની તારીખો ગમે ત્યારે જાહેર થઈ શકે છે, તેથી રાષ્ટ્રીય નેતાઓની વારંવારની મુલાકાતોએ આસામમાં ચૂંટણીનો ગરમાવો પેદા થઇ રહ્યો છે.

# JAISHANKAR BELGIUM VISIT

યુરોપિયન યુનિયન (EU)ના ઉચ્ચ પ્રતિનિધિ અને ઉપ-રાષ્ટ્રપતિ કાજા કલ્લાસના આમંત્રણ પર વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી બેલ્જિયમના બ્રસેલ્સની બે દિવસની મુલાકાતે જશે. ડૉ. જયશંકર વિદેશ બાબતોની પરિષદની બેઠકમાં 27 EU સભ્ય દેશોના વિદેશ મંત્રીઓ સાથે વાતચીત કરશે.

વિદેશ મંત્રાલયે માહિતી આપી કે મુલાકાત દરમિયાન, મંત્રી યુરોપિયન યુનિયનના નેતૃત્વ અને બેલ્જિયમ અને અન્ય EU સભ્ય દેશોના તેમના સમકક્ષો સાથે પણ બેઠકો કરશે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે ડૉ. જયશંકરની મુલાકાતથી યુરોપિયન યુનિયન સાથે ભારતની વ્યૂહાત્મક ભાગીદારી વધુ ગાઢ થવાની અપેક્ષા છે.

# JHARKHAND-PLFI ARREST

ઝારખંડ પોલીસે ખૂંટી જિલ્લામાં પ્રતિબંધિત સંગઠન પીપલ્સ લિબરેશન ફ્રન્ટ ઓફ ઈન્ડિયા- PLFIના છ ઉગ્રવાદીઓની ધરપકડ કરી છે.

પોલીસ અધિક્ષક મનીષ કુમારે જણાવ્યું કે, ગુપ્ત માહિતીના આધારે તજના નદી નજીક દરોડા દરમિયાન આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે એક ગેરકાયદેસર પિસ્તોલ, જીવતા કારતૂસ, મોબાઈલ ફોન, ખંડણી સંબંધિત દસ્તાવેજો અને બે વાહનો જપ્ત કર્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઉગ્રવાદીઓ વેપારીઓ, અને કોન્ટ્રાક્ટરોને ધમકી આપીને કર વસૂલવામાં સામેલ હતા અને અનેક ગુનાહિત ઘટનાઓ સાથે જોડાયેલા હતા.

# DAY WEST ASIA CONFLICT

ઈરાને સંયુક્ત આરબ અમીરાત પર ઈરાની સ્થળો પર મિસાઈલ હુમલા માટે તેના પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો આરોપ લગાવ્યા બાદ ગલ્ફ ક્ષેત્રમાં તણાવ વધ્યો છે. ઈરાનના વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચીએ આરોપ લગાવ્યો કે ખાર્ગ ટાપુ અને અબુ મુસા પર રાતોરાત હુમલાઓ રાસ અલ ખૈમાહ અને દુબઈ નજીક સ્થિત HIMARS રોકેટ સિસ્ટમથી કરવામાં આવ્યા હતા. આ આરોપ એવા સમયે આવ્યો છે, જ્યારે ઈરાન અને અમેરિકા-ઇઝરાયલ ગઠબંધન વચ્ચેનો મુકાબલો સતત વધી રહ્યો છે, જેના કારણે સમગ્ર અખાતમાં વધુ અસ્થિરતાનો ભય વધી રહ્યો છે.

ઈરાનના ખાતમ અલ-અંબિયા કેન્દ્રીય મુખ્યાલયે યુએઈના રહેવાસીઓને ચેતવણી જારી કરીને તેમને જેબેલ અલી, ખલીફા બંદર અને ફુજૈરાહ બંદર સહિતના મુખ્ય બંદરો નજીકના વિસ્તારો ખાલી કરવા વિનંતી કરી છે. ઈરાને દાવો કર્યો હતો કે અમેરિકન લશ્કરી સંપત્તિ સાથે જોડાયેલી આ સુવિધાઓને નિશાન બનાવી શકાય છે.

યુએઈ સરકારે આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે, રાષ્ટ્રપતિના સલાહકાર અનવર ગર્ગાશે ભારપૂર્વક જણાવ્યું કે દેશે તેના પ્રદેશમાંથી હુમલાઓને મંજૂરી આપી નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે યુએઈ સંવાદ અને રાજદ્વારી માટે પ્રતિબદ્ધ છે. સોશિયલ મીડિયા પર ખોટા સંઘર્ષના વીડિયો ફેલાવવાના આરોપમાં દસ લોકો પર તાત્કાલિક ટ્રાયલ શરૂ કરીને અધિકારીઓએ ગભરાટને કાબૂમાં લેવા માટે પણ પગલાં લીધા છે.

# AIR INDIA - WEST ASIA FLIGHTS

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી પરિસ્થિતિ વચ્ચે એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસે આજે 14 ફ્લાઇટ્સ રદ કરવાની જાહેરાત કરી છે.

શારજાહથી દિલ્હી, કન્નુર, કોચી, કોઝિકોડ, મુંબઈ અને તિરુવનંતપુરમ સુધીની ફ્લાઇટ્સ ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. એર ઇન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું કે રાસ અલ ખૈમાહથી કોઝિકોડ અને કોચી સુધીની બે ફ્લાઇટ્સ પણ સંચાલિત કરવામાં આવશે.

એરલાઇને ઉમેર્યું કે સંયુક્ત આરબ અમીરાત એરપોર્ટ ઓથોરિટીના નિર્દેશોને પગલે આ ક્ષેત્રમાં કામગીરી અસ્થાયી રૂપે ઘટાડવામાં આવી છે. એરલાઇને જણાવ્યું કે, રદ કરાયેલ અથવા અસ્થાયી રૂપે સ્થગિત ફ્લાઇટ્સ પરના મુસાફરો વધારાની ફી વિના ભવિષ્યની તારીખ માટે ફરીથી બુકિંગ કરી શકે છે અથવા સંપૂર્ણ રિફંડનો વિકલ્પ પસંદ કરી શકે છે.

દરમિયાન, ઇન્ડિગોએ જણાવ્યું કે દુબઈમાં તેમની ફ્લાઇટ્સ સ્થગિત કરવામાં આવી છે, જેના પરિણામે ફ્લાઇટ શેડ્યૂલમાં ફેરફાર થયો છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, ઉત્તરાખંડ, પૂર્વ ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને પંજાબમાં વાવાઝોડા સાથે કરા પડવાની શક્યતા સાથે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં દિવસ દરમિયાન છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

# CBSE- EXAM CANCEL

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ - CBSEએ પશ્ચિમ એશિયાઈ ક્ષેત્રમાં આવતીકાલથી આવતા મહિનાની 10મી તારીખ સુધી યોજાનારી ધોરણ 12ની પરીક્ષાઓ રદ કરી છે.

બોર્ડે જણાવ્યું કે, આ મહિનાની પહેલી થી નવમી તારીખ સુધી યોજાનારી પરીક્ષાઓ, જે અગાઉ મુલતવી રાખવામાં આવી હતી, તે પણ રદ કરવામાં આવશે. બોર્ડે વધુમાં જણાવ્યું કે પશ્ચિમ એશિયાઈ ક્ષેત્રમાં ધોરણ 12ના ઉમેદવારો માટે પરિણામો જાહેર કરવાની પદ્ધતિ યોગ્ય સમયે અલગથી જાહેર કરવામાં આવશે.

# GCWAS CONFERNCE

ગઈકાલે નવી દિલ્હીમાં પૂર્ણ થયેલા કૃષિ-ખાદ્ય પ્રણાલીઓમાં મહિલાઓ પરના ત્રણ દિવસીય વૈશ્વિક પરિષદમાં, કૃષિમાં લિંગ-પ્રતિભાવ નીતિઓ અને સમાવિષ્ટ નવીનતાઓને આગળ વધારવાનો માર્ગ મોકળો થયો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ઉદ્ઘાટન કરાયેલ આ પરિષદમાં ટકાઉ કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવા અને કૃષિ-ખાદ્ય મૂલ્ય શૃંખલામાં મહિલાઓને સશક્તિકરણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું કે આ પરિષદ 18 દેશોના નીતિ નિર્માતાઓ, વૈજ્ઞાનિકો, ઉદ્યોગસાહસિકો અને મહિલા નેતાઓને એકસાથે લાવે છે અને આ ક્ષેત્રમાં મહિલા નેતૃત્વ અને ઉદ્યોગસાહસિકતાને મજબૂત બનાવવાના હેતુથી મુખ્ય ભલામણો રજૂ કરે છે.